
G6U5W4

# ૮ ટામેટાની દડી, રમે દાદાદાદી

મજા કરીએ? ગીતડું ગાઈએ!



હુતુતુતુ...!
જાણે રમવાની ઋતુ,
બધ્ધા મારા ભેરુઓની
ધમાલમસ્તી કરતાં કરતાં,
ખીલવાની ઋતુ...હુતુતુતુ...
હોય શિયાળો કે વેકેશન,
વરસાદે પણ રમવું,
બારેય મહિના ચાલતી,
અમારી કેવી મજાની ઋતુ... હુતુતુતુ...
હાર નહિ કે જીત નહિ,
બસ રમવા માટે રમવાનું;
સૌને સૌની રમતો હોય
ને, કોઈ ન બાકી રહેતું... હુતુતુતુ...



- તમે હુતુતુતુ વિશે શું જાણો છો? કહો.

ઉપરનાં ચિત્ર જોઈને રમત ઓળખો. શિક્ષક કે તમારા ઘરનાં મોટેરાંઓને પૂછી તેના વિશે બે-બે વાક્યો લખો.

.................................................... ....................................................

.................................................... ....................................................

ચહેરા પર જુદા જુદા ભાવ લાવીને ફોટો (સેલ્ફી) પાડવાનો અભિનય કરો.

પલક અને રુદ્ર તેમનાં દાદાદાદી સાથે વાતો કરે છે. તે ધ્યાનથી સાંભળો.

 મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## મારદડી માસ્ટર

**પલક :** આ મેચમાં તો આપણે જીતી જવાનાં.

**રુદ્ર :** હા, ગયા મહિને રમાયેલી મેચમાં પણ આપણે જ જીતેલાં ને!

**દાદા :** અલ્યા! તમે બેઉ જણ વળી રમવા ક્યારે ગયેલાં, તે જીતી ગયેલાં?

**પલક :** એમ નહિ દાદા, આપણી ટીમ જીતી હતી.

**દાદા :** આપણી ટીમ? એટલે કે હું પણ ટીમમાં હતો?

**રુદ્ર :** અરે દાદા, ટીમમાં તમેય નહોતા અને અમે પણ નહોતાં. આ તો આપણા દેશની ટીમ જીતી હતી.

**દાદા :** તો એમ કહો કે આપણા દેશની ટીમ, બાકી તો જે રમે એ જ જીતે કે હારે. તમે તો ટીવી અને મોબાઈલમાં જ ગેમ જોયા કરો છો એટલે તમારે વળી જીત શું કે હાર શું?

**પલક :** દાદા, અમે ક્રિકેટ કે ફૂલબોલ રમવા ક્યાં જઈએ?

**દાદા :** રમવું જ હોય એને માટે બીજી રમતો પણ હોય અને મેદાન પણ હોય જ.

**રુદ્ર :** આ બે સિવાય વળી કઈ રમતો?

**દાદા :** પૂછ તારી દાદીને, એ શું રમતાં હતાં?

**દાદી :** અમે તો ઘણી રમતો રમતાં : પકડદાવ, મારદડી, ગિલ્લીદંડા, આંબલીપીપળી...

**રુદ્ર અને પલક (એકસાથે) :** હેં હેં હેં...? તમે રમતાં હતાં? શેરીઓમાં જઈને?

**દાદી :** નહિતર શું તમારી જેમ ઘરકૂકડી થઈને રહેતાં હોઈશું?

**દાદા :** બહુ મજા આવે છોકરાઓ, આપણી આ બધી દેશી રમતો રમવાની.

**પલક :** (મોઢું બગાડીને) એવું જૂનું રમવામાં શી મજા આવે?

**દાદી :** અલી, રમ્યા વગર કેમ આવું કહે છે? એકવાર રમે તો ખબર પડે ને કે મજા આવે છે કે નથી આવતી?

**રુદ્ર :** તો તો અમને પણ દેશી રમતો શીખવોને?

**દાદા :** ચોક્કસ. તમે એકવાર દેશી રમતો રમવા માંડો તો ચસકો લાગી જશે. મારદડીની રમતમાં હું એક્કો હતો. મને કદી દડો વાગ્યો નથી, અને હું દડો મારું તો નિશાન ચૂક્યો નથી. તેથી તો મારું નામ જ પડ્યું હતું - મારદડી માસ્ટર! (દાદાએ પોતાની મૂછ પર હાથ ફેરવ્યો.)

**દાદી :** એ...મ? (દાદી ધીમું હસીને બોલ્યાં.)

**બંને બાળકો :** ખરેખર?

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**દાદા :** ...એટલે સાવ એવું નહિ, એકવાર એક બહારગામની છોકરી આપણા ગામમાં લગ્નપ્રસંગે આવેલી. એણે મારેલો દડો મને વાગેલો. એ જબરી તાકોડી હતી.

**રુદ્ર :** તાકોડી એટલે?

**દાદા :** તાકોડી એટલે એવી વ્યક્તિ કે જેને તાકે તેને પાડી જ દે.

**પલક :** (દાદાની મૂછ પર હાથ ફેરવીને) તો તો એ છોકરી માસ્ટર ગણાય, તમે નહીં!

**રુદ્ર :** કોણ હતી એ છોકરી, દાદુ? માસ્ટરને પણ હરાવી જાય એવી તાકોડીને તો જોવી જ પડે.

**દાદા :** આ બેઠી, જોઈ લો...! (દાદા ખડખડાટ હસી પડ્યા.)

**પલક :** વાહ! દાદી, માસ્ટર તો તમે જ કેમ કે તમે માસ્ટરને પણ હરાવેલા.

**દાદા :** હાર્યા ન કહેવાય હવે. કેમ કે જેને દડો વાગે એ પણ મારનારનો સાથીદાર બની જાય. પછી એ બે ભેગાં થઈને બીજાંને દડો મારે, એમ રમત આગળ ચાલે.

**પલક :** દાદાની જીવનભરની સાથીદાર! મારી વ્હાલી દાદી!

**રુદ્ર :** જીવનભરની સાથીદાર એટલે? (દાદા-દાદી અને પલક ત્રણેય હસી પડ્યાં.)

**દાદા :** ઓ ડબ્બુ! એ જ તમારી દાદી.

- **વાતચીત :**
  - આ સંવાદમાં સૌથી વધુ નવાઈ ક્યારે લાગી?
  - તમે ઘરમાં કે મેદાનમાં કઈ કઈ રમતો રમો છો?
  - તમને સૌથી વધુ કઈ રમત ગમે છે? શા માટે?
  - તમે કોઈ નવી રમત બનાવી છે? કઈ?

## મને ઓળખો.

**ઉદાહરણ :** તું મોટો થઈશ એટલે તારે પણ મારા જેવી મૂછ આવશે. (દાદા)

૧. હું નાનો હતો ત્યારે મારદડી રમવામાં એક્કો હતો. (          )

૨. હું તો બીજા ગામમાં જાઉં તોય મારદડી રમવા માંડું. (          )

૩. મને તમારા કરતાં પણ વધુ સારી રીતે મારદડી રમતાં આવડતું હતું. (          )

૪. ભાઈ તો આખો દિવસ મોબાઈલ પર રમે છે, હું તો સાંજે જ મોબાઈલ રમું છું. (          )

૫. તારા પપ્પા નાના હતા ત્યારે હું રોજ એમને મેદાનમાં લઈ જતો. (          )

૬. તમે ત્રણેય જણ અત્યારે થોડી પેટપૂજા કરી લો, પલકના પપ્પા આવે ત્યારે રમવાની વાતો કરજો. (          )



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## આપેલો શબ્દ યોગ્ય રીતે વપરાયો હોય ત્યાં ✓ કરો. તે શબ્દનો ઉપયોગ કરી નવું વાક્ય લખો.

- **તાકોડી :** ..........................................................................

  ૧. ઈજુબહેન ભારે તાકોડી, જેટલી તક મળે એ બધી જ લઈ લે.

  ૨. મારે એક બે કોડી ન ચાલે, હું તાકોડી છું એટલે ત્રણ કોડી લઈશ.

  ૩. વાહ! એક જ પથ્થર ફેંક્યો ને કેરી પાડી દીધી, તે, તું તો સરસ તાકોડી છે ને!

- **જીવનભર :** ..........................................................................

  ૧. આજની મૅચ તો મને જીવનભર યાદ રહેશે.

  ૨. મારા જીવનભરમાં તો ઘણી વાતો છે.

  ૩. તમારા જીવનભરમાં કેટલાં વર્ષ ભરેલાં છે?

- **ઘરકૂકડી :** ..........................................................................

  ૧. એય ઘરકૂકડી! આમ આખો દિવસ મરઘી સાથે શું રમે છે?

  ૨. ઘરકૂકડીની જેમ આખો દિવસ ઘરમાં ભરાઈ રહેવાતું હશે!

  ૩. ઘરમાં દાણા નાખીએ તો ઘરકૂકડી ઘરમાં આવી જાય.

- **ચસકો :** ..........................................................................

  ૧. મને તો ગળ્યું ખાવાનો એવો ચસકો કે હું તો ગળ્યું કશું ખાઉં જ નહીં.

  ૨. એને ક્રિકેટનો ભારે ચસકો, આખો દિવસ રમ રમ કરે.

  ૩. જરા સંભાળજે, ચસકો લાગી જશે પછી સાબુથી ધોઈશ તોપણ જશે નહીં.

- **માસ્ટર :** ..........................................................................

  ૧. સુરેશભાઈ તો કબડ્ડીના માસ્ટર છે, એટલે કોઈ દિવસ રમતા જ નથી.

  ૨. સુરેશભાઈ તો કબડ્ડીના માસ્ટર છે, એટલે દરરોજ રમે છે.

  ૩. સુરેશભાઈ તો કબડ્ડીના માસ્ટર છે, એટલે એમની ટીમ જ જીતશે.

- **ગીતડું ગાઈશું ને ફરીથી? હુતુતુતુ...! જાણે રમવાની ઋતુ...**

## મિત્રો સાથે ચર્ચા કરો, જવાબ લખો. (ત્રણના જૂથમાં)

૧. મારદડી માસ્ટર સંવાદમાં કેટલા સભ્યો જોડાયેલા છે? કોણ કોણ?

૨. ભાઈબહેનમાં કોણ નાનું અને કોણ મોટું હશે? કેમ ખબર પડી?

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૩. મારદડી રમતમાં વિજેતા કોણ કહેવાય?

૫. 'દાદીને મારદડી રમતમાં ક્યારેય દડો વાગ્યો નહિ હોય.' આ વિધાન સાચું છે કે ખોટું? શા માટે?

૬. ઘરની બહાર મેદાનમાં રમવી પડે એવી કઈ કઈ રમતોનાં નામ આ સંવાદમાં આવે છે?

**તમારાં દાદા-દાદી અથવા માતા-પિતાને પૂછો કે તેઓ બાળપણમાં કઈ કઈ રમતો રમતાં હતાં? એ રમતો કેવી રીતે રમી શકાય તેની વિગતો જાણો. કોઈ એક રમત પસંદ કરી એના વિશે લખો. (ઘરકામ)**

રમતનું નામ : ..........

ખેલાડીઓની સંખ્યા : ..........

મેદાનનું માપ : ..........

સાધનસામગ્રી : ..........

રમવાની રીત : ..........

આઉટ ક્યારે થવાય? : ..........


રમત પૂરી થયેલી ક્યારે ગણાય? : ..........

તમને આ રમત ગમી? શા માટે? : ..........

**અહીં લીટી કરેલા શબ્દો શાના વિશેના છે? કહો.**

૧. જે ખેલાડી રમતા હોય તે મેદાનના પાટાની <u>અંદર</u> રહે, બાકીના <u>બહાર</u> જાય.

૨. ધાબા <u>ઉપર</u> પતંગ ચગાવવાની મજા પડે.



૩. બે કોથળાની <u>વચ્ચે</u> મારો હાથ ફસાઈ ગયો.

૪. સસલાભાઈ તો દોડીને બધાંથી <u>આગળ</u> થઈ ગયા.

૫. શિયાળવીબહેન આળસુ હતાં, એ બધાંથી <u>પાછળ</u> રહી ગયાં.

૬. મારાં પુસ્તકો એવી રીતે ગોઠવ્યાં છે કે દરેક પાઠ્યપુસ્તકની <u>નીચે</u> એ વિષયની નોટબુક હોય.

૭. ઘરની અંદર શું કામ બેસી રહેવું? <u>બહાર</u> નીકળીએ તો ભીંજાવાની પણ મજા પડેને!

૮. આપણા વર્ગખંડની <u>અંદર</u> કઈ કઈ વસ્તુઓ લાકડાની બનેલી છે?

૯. તમે ક્યારેય જિલ્લા <u>બહાર</u> ગયા છો?



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ચિત્ર જુઓ.

ચિત્રના વર્ણનમાં જ્યાં ભૂલ છે તે સુધારીને ફરીથી લખો.

દા.ત. 'ખાટલા <u>નીચે</u> બે વડીલો બેઠા છે' ની જગ્યાએ 'ખાટલા <u>ઉપર</u> બે વડીલો બેઠા છે' એમ સુધારવાનું છે.



એક બહેન માથામાં ટોપલો ઉપાડીને ઘરે જાય છે. ખાટલા નીચે બેઠેલાં બાળકો વડીલોની વાતો ધ્યાનપૂર્વક સાંભળે છે. ગાયના મોઢા ~~આગળ~~ પાછળ પોદળો પડ્યો છે. ત્રણ છોકરા લખોટી રમે છે, એક છોકરી પણ લખોટી રમવા માટે છોકરાઓ પાછળ આવી રહી છે. છોકરાઓની આગળ ગાય બાંધેલી છે તેથી છોકરાઓને બીક લાગતી નથી. કૂકડો નીચે જોઈ રહ્યો છે જ્યારે મરઘી વચ્ચે જોઈને ચણ ચણે છે. નીરણકુંડ ઉપરથી ગાય ખાણ ખાય છે. નીરણકુંડની વચ્ચે ત્રણ ઈંટ મૂકેલી છે. ખાટલા વચ્ચે બેઠેલા છોકરા વિચાર કરે છે કે હમણાં કોઈક આવીને લોટામાંથી માટલામાં પાણી કાઢીને આપે તો સારું.


## તમને રમવાની મજા પડે એવી એક રમત વિશે જાણો અને રમો.

આજે એક નવી રમત વિશે જાણીએ. આમ તો આ રમત ઘણી જૂની છે. પણ તમારા માટે નવી હશે. રમતનું નામ પણ નવું જ છે : 'દાંડીકૂચ' ચાલો જાણીએ કે આ રમત કેવી રીતે રમાય!

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in




**(પાંચ પાંચ ખેલાડીઓની ટીમને રમવા માટેનું મેદાન)**

દાંડીકૂચ રમવા બે ટીમ બનાવવી પડે. દરેક ટીમમાં પાંચથી દસ ખેલાડી હોઈ શકે. ખેલાડીની સંખ્યા મુજબ મેદાનમાં પાટા વધુ ઓછા કરવા પડે. એક ટીમમાં જેટલા ખેલાડી હોય તેટલા પાટા દોરવા.

જેનો દાવ આવે તે ટીમનું નામ 'અંગ્રેજ ટીમ' (ચિત્રમાં લાલ ટી-શર્ટમાં છે તે.) તેઓ માત્રા આડા અને ઊભા પાટા ઉપર જ દોડી શકે.

બીજી ટીમ 'ગાંધી ટીમ' (ચિત્રમાં વાદળી ટી-શર્ટ છે તે). તે ટીમના બધા સભ્યો 'શરૂ' લખેલા ખાનામાં ઊભા રહે. તે તેમનું ઘર કહેવાય. ગાંધી ટીમ આખા મેદાનમાં કોઈપણ જગ્યાએ જઈ શકે. તેમનું કામ છે - અંગ્રેજ ટીમનો ખેલાડી તેમને અડકી ન જાય એ રીતે 'શરૂ'વાળા છેડેથી મીઠાની ઢગલીવાળા ખાનામાં પહોંચી જવું.

ગાંધી ટીમના સભ્યો જ્યારે મીઠાની ઢગલી તરફ જવાનો પ્રયાસ કરે ત્યારે અંગ્રેજ ટીમના ખેલાડીઓ પાટા પર જ દોડી તેમને આઉટ કરવાનો પ્રયત્ન કરશે. અંગ્રેજ ટીમનો ખેલાડી ગાંધી ટીમના જે ખેલાડીને અડકી જાય તે આઉટ ગણાશે. ગાંધી ટીમના જેટલા ખેલાડીઓ મીઠાની ઢગલી સુધી પહોંચી જાય તેટલા પોઈન્ટ તેમને મળે. ત્યારબાદ દાવ બદલાય. અંગ્રેજ ટીમ હવે ગાંધી ટીમ બને અને ગાંધી ટીમ અંગ્રેજ ટીમ. આ રીતે રમત આગળ ચાલે.

તમારા શિક્ષકની મદદ લઈને આ રમતના મેદાનમાં જઈને ૧૦ મિનિટ સુધી રમો. તમે રમતના બંને ભાગમાં રમશો.

- **ચોથી વાર ગીતડું ગાઈએ : 'હુતુતુતુ...! જાણે રમવાની ઋતુ...'**



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- **વાતચીત :**
  - તમારે ફરીથી આ રમત રમવી હોય તો ગાંધી ટીમમાં રહો કે અંગ્રેજ ટીમમાં? શા માટે?
  - પહેલો દાવ કોનો હતો?
  - સૌથી પહેલાં મીઠાની ઢગલી સુધી કોણ પહોંચ્યું?
  - કોણ કોણ આઉટ થયાં?
  - તમારી ટુકડી મીઠાની ઢગલી સુધી પહોંચે એ માટે તમે શું કર્યું હતું?
  - ગાંધી ટીમના સભ્યોને મીઠાની ઢગલી સુધી ન પહોંચવા દેવા તમે શું કર્યું હતું?
  - શાળામાં તમે કઈ કઈ રમતો રમો છો? ઘરે કઈ કઈ રમતો રમો છો?
  - વીડિયો ગેમ કે મોબાઇલમાં જે રમીએ છીએ એને રમત કહેવાય? શા માટે?
  - રમતમાં બે ટુકડી પાડવા માટેની કોઈ પણ ત્રણ રીત વિશે કહો.

**જૂથમાં કામ કરો. કોઈ એક પ્રશ્ન પર ચર્ચા કરો. તમે શી વાતો કરી તે વર્ગ સમક્ષ રજૂ કરો.**

૧. મીઠું ન હોય તો આ રમત રમી શકાય? કેવી રીતે?

૨. આ રમત ૧૬ સભ્યો રમતા હોય તો કેટલાં ખાનાં રાખવા જોઈએ? શા માટે?

૩. આ રમતનું નામ 'દાંડીકૂચ' કેમ પાડ્યું હશે?

૪. આ રમતમાં જીતવા માટે કઈ કઈ આવડતની જરૂર પડે?

**નીચેના કોઠામાં ધોરણ-૪માં ભણતાં કેટલાંક બાળકોની વિગતો આપી છે. એના આધારે જૂથમાં ચર્ચા કરીને નક્કી કરો કે દાંડીકૂચની રમત સૌથી સારી કોણ રમી શકે? શા માટે? તમારો જવાબ કારણો સહિત વર્ગમાં રજૂ કરો.**

| વિગત / બાળકનું નામ | ઊંચાઈ | શરીરનો બાંધો | દોડવાની ઝડપ | ચપળતા | સીધી લીટીમાં દોડવાની આવડત | નિર્ણયશક્તિ |
|---|---|---|---|---|---|---|
| નિવાનભાઈ | વધુ | મધ્યમ | મધ્યમ | વધુ | સારી | મધ્યમ |
| આરવભાઈ | ઓછી | મજબૂત | મધ્યમ | ઓછી | સારી | મધ્યમ |
| ફિયોનાબહેન | મધ્યમ | નબળો | વધુ | વધુ | મધ્યમ | મધ્યમ |
| પર્લબહેન | મધ્યમ | મધ્યમ | મધ્યમ | મધ્યમ | સારી | સારી |
| દક્ષભાઈ | વધુ | મધ્યમ | વધુ | ઓછી | મધ્યમ | સારી |
| ત્રિનભભાઈ | ઓછી | મજબૂત | ઓછી | વધુ | ઓછી | મધ્યમ |

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

● **તમે કૅપ્ટન છો. નીચેની રમત માટે તમારી ટીમમાં કયા ખેલાડીને લેશો? ઉપરના કોઠા પરથી નક્કી કરો.**

**કૅપ્ટનનું નામ :** ..............................................................................................

| રમતનું નામ | તમે પસંદ કરેલ ખેલાડી |
|---|---|
| દાંડીકૂચ | |
| ગિલ્લી દંડા | |
| કબડ્ડી | |
| ખો ખો | |
| મારદડી | |
| નારગોલ | |

⬡ **ઉદાહરણ વાંચો. વાક્યોને 'તેથી', 'કારણ કે', 'કેમ કે' - શબ્દો વડે જોડી એક વાક્ય બનાવો. નવું વાક્ય વર્ગ સમક્ષ વાંચો.**

૧. ખાંડમાં કીડીઓ ભરાઈ જાય છે. મારી મમ્મી તેમાં લવિંગ મૂકે છે.
ખાંડમાં કીડીઓ ભરાઈ જાય છે તેથી મારી મમ્મી તેમાં લવિંગ મૂકે છે.

૨. પક્ષીઓને સેવ કે ચવાણું ખવડાવવું જોઈએ નહિ. તેનાથી તેમને રોગ થાય છે.
પક્ષીઓને સેવ કે ચવાણું ખવડાવવું જોઈએ નહિ કેમ કે તેનાથી તેમને રોગ થાય છે.
(અથવા આમ પણ જોડી શકો.)
પક્ષીઓને સેવ કે ચવાણું ખવડાવવું જોઈએ નહિ કારણ કે તેનાથી તેમને રોગ થાય છે.

૧. બંધ રહેતા કબાટમાંથી વાસ આવે છે. તેમાં ફિનાઈલની ગોળી મૂકવી જોઈએ.
..............................................................................................

૨. મને ઘણી બધી વાર્તાઓ આવડે છે. મારા પપ્પા રોજ મને વાર્તાઓ કહે છે.
..............................................................................................

૩. બધો કપાસ બગડી ગયો. છોડ પર ઈયળો પડી ગઈ હતી.
..............................................................................................

૪. કાચબાએ તેનાં અંગો ઢાલમાં લઈ લીધાં. એને કંઈક અવાજ સંભળાયો.
..............................................................................................

૫. મોટાભાગે ડાંગરનો પાક ચોમાસામાં થાય છે. ડાંગરને વધુ પાણીની જરૂર પડે છે.
..............................................................................................



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

પદ્માસનમાં બેસો. પાંચ વાર ઊંડા શ્વાસ લો. ઉદાહરણ મુજબ શબ્દોને ગોઠવી વાક્ય બનાવો.

બને છે પૌષ્ટિક આહાર દૂધ છે તે મજબૂત પીવાથી કેમ કે હાડકાં

દૂધ પૌષ્ટિક આહાર છે **કેમ કે** તે પીવાથી હાડકાં મજબૂત બને છે.

૧. ત્રણ રંગો છે કહેવામાં આવે છે તેને ત્રિરંગો તેથી આપણા રાષ્ટ્રધ્વજમાં.

..............................................................................................

૨. કારણ કે ઈજા થઈ શબાનાને પગે રમતાં રમતાં પાટો બાંધ્યો તેના પગમાં.

..............................................................................................

૩. વર્ગમાં આગળ છે શાહિદને ચશ્માના નંબર બેસાડે છે વધુ તેથી શિક્ષક તેને.

..............................................................................................

૪. પેનથી લખે છે ભૂલી ગયો કારણ કે ડેવિડ આજે તે પેન્સિલ છે ઘરે.

..............................................................................................

યોગ્ય શબ્દ મૂકી ખાલી જગ્યા પૂરો : (કેમ કે, પણ, તેથી, પરંતુ, અથવા)

૧. દાદા ગુસ્સે થાય, ········ કદી મારે નહીં.

૨. રુદ્ર તો ઠીક, પલકને ········ દાદીની આ વાતની ખબર નહોતી.

૩. આજે મારે વહેલા ઘરે જવું પડશે, ········ અમારે બહારગામ જવાનું છે.

૪. હું ········ મારી બહેન, કોઈક તો રોજ એકાદ તોફાન કરીએ જ.

૫. પવન જોરદાર છે, ········ પતંગ ચગાવવાની મજા પડશે.

૬. મારે તો રમવું જ હતું, ········ બાપુજીએ પરાણે ભણવા બેસાડ્યો.

૭. હવે વધારે વાંચવું પડશે, ········ પરીક્ષા નજીક આવી રહી છે.

૮. સાંજે હું મેદાનમાં હોઉં, ········ નદીકિનારે ફરતો હોઉં.

૯. આજે વાર્તા સાંભળવાની ખૂબ મજા આવતી હતી, ········ ઘંટ વાગ્યા પછી પણ કોઈ ઊભું ન થયું.

૧૦. મારે ········ દાદીની જેમ રમતમાં એક્કો બનવું છે.

- અલ્યા, ઊભા થાઓ. છેલ્લીવાર ગાઈએ ગીતડું : હુતુતુ... જાણે રમવાની ઋતુ...

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## અ, બ, ક નો ઉપયોગ કરી વાક્યો બનાવી ઝડપથી બોલો.

| અ | બ | ક |
|---|---|---|
| મને રમવાનું ગમે છે | એટલે | હું ક્રિકેટ રમીશ. |
| મારે તો કબડ્ડી રમવી છે | પરંતુ | મને કોઈ રમાડતું નથી. |
| લખવાનો કંટાળો આવે છે | તેથી | હવે રમવા જઈશ. |
| એ ભલે મોટા હોય | પણ | મારા જેવું રમી ન શકે. |
| તું જીત્યો નથી | કેમ કે | હું તારાથી પહેલાં આવી ગયો હતો. |

**'બ' ના શબ્દોનો ઉપયોગ કરી વાક્યો લખો.**

## ઘાટા છપાયેલા શબ્દો તમને યોગ્ય લાગે છે? સુધારો અને ફરીથી લખો.

એક હતાં રમતુબહેન, એમના ભાઈનું નામ રમતાભાઈ. રમતુબહેન માથા **આગળ** વાળની ચોટલી વાળે. રમતાભાઈ માથા **એટલે** ટોપી પહેરે. ભાઈબહેન દરરોજ મેદાન **જેથી** રમવા જાય, રમતુબહેન ઉપર ચાલે અને રમતાભાઈ એમની પાછળ. મેદાન **કારણ કે** પહોંચીને દોસ્તારો સાથે જુદી જુદી રમતો રમે. રમતાભાઈને સારું રમતા ન આવડે. **ઉપર** કોઈ એમને પોતાના સાથીદાર ન બનાવે. રમતુબહેન સરસ રમે **માં બધાં** એમના હરીફ થવામાં ગભરાય. રમતાભાઈ કાયમ વિચારે કે હું પણ સરસ ખેલાડી બની જઉં, **માં** મને તેમનો સાથીદાર બનાવે. રમતુબહેન એને સમજાવે કે એ પોતે સારી ખેલાડી છે **તેથી** એ રોજ કસરત કરે છે.



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## બે મિનિટ વજ્રાસનમાં બેસો. વાંચો.

તેજસ્વિની ગોધરામાં રહે છે. એક દિવસ તેના કાકાનો દીકરો ગીતાંશ ત્યાં આવ્યો. તે તેને લેવા માટે બસસ્ટેશ/ન ગઈ. તેઓ ઘરે પાછાં આવ્યાં. તેજસ્વિનીએ બા/ણું ખોલ્યું.

હવે વાંચો, આગળ શું થયું....

તેજસ્વિની : આવ, હેપ્પી આવ. અરે! આ શું?

ગીતાંશ : અરે! આ આ_/ણું જ ઘર છે ને!

તેજસ્વિની : હા' પણ...

ગીતાંશ : મને નથી લાગતું કે તું ઘરમાં બધી વસ્તુઓને આ રીતે ગો વી શકે. આ તો માત્ર વાં રો કરી શકે... અને હું તો હ ણાં જ આવ્યો. (બંને હસી પડે છે.)

તેજસ્વિની : શું કપા ! આ રૂમનો પા ળનો દર જો બંધ કરવાનું હું ભૂલી ગઈ હતી.

ગીતાંશ : હં... અને ત્યાં જો પાછળ લી ડાના ઝાડ પર તારો બીજો ભાઈ. જો, કેવી મસ્તીથી તારી વેફ ખાઈ રહ્યો છે!

તેજસ્વિની : દોઢ ડાહ્યા... એ _ફર મેં તારા માટે બનાવી હતી.

ગીતાંશ : ભલે! પણ મને તો કાકી બના એ જ ભાવે. (તેજસ્વિની તેની સામે ડોળા _ઢે છે.)

તેજસ્વિની : અચ્છા, એમ!... મમ્મી તો હવે છેક સાંજે આ શે. ત્યાં સુધી ખાજે આ પં _ની હ .

ગીતાંશ : મજાક કરું છું, બાબા... ચાલ, પહ આ રૂમને મા_સની જેમ ગોઠવી દઈએ.

તેજસ્વિની (હસીને..) : હા... ચાલ... હૂપ... હૂપ...

(કંઈક ખૂટતું હતું તો પણ વાંચી શકાયું ને! હવે ફરીથી વાંચો મોટેથી વાંચો.)

### હવે ઝડપથી વાંચો વાંદરાએ શું કરેલું?

વાંદરો પાછળના દવારજેથી રૂમમાં આવ્યો. બાજુબાજુમાં મૂકેલી ખુશીરઓમાંથી એક ખુરશી પાડી દીધી. ટેબફેલન ટેબલ પર હતો તે ઉઠાવી સોફા પર નાખ્યો. ટેલબ પર મૂકેલો પૈસાનો ગલ્લો લઈ જમીન પર નાખ્યો. તે તૂટી ગયો અને તેમાં રહેલા સિક્કા ભોંતયળિયા પર વેરાઈ ગયા. શૂઝ રૅકમાં મૂકેલાં ચંપલ ફેંક્યાં. એક ચંપલ ખુરશીની નજીક પડ્યું. બીજું પચંલ છેક બારણા પાસે ગયું. કટાબમાંથી એક માસ્ક લઈ ખુરશી પર ફેંક્યું, ચશ્માં આડી પડેલી ખુરશી પાસે ફેંક્યાં તેથી તેનો એક કાચ નીળકી ગયો. નાના ટેબલ પર મૂકેલી ફૂદલાની લઈ સોફા પર ફેંકી. દીવાલ પર ટીંગાડેલું ઘડિયાળ ચીને કહ્યું.

મજા આવી? શાની મજા આવી?

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ટમેટું ધ્રૂજે છે, કેમ ભાઈ? સાંભળો, ગાઓ, વારંવાર ધ્રૂજો.

### ઠંડી

કહે ટમેટું મને ફ્રીઝમાં બહુ લાગે છે ઠંડી,
દૂધીમાસી, દૂધીમાસી ઝટ પહેરાવો બંડી.
આના કરતાં હતાં ડાળ પર રમતાં અડકોદડકો,
મીઠો મીઠો મને લાગતો એ સવારનો તડકો.
અહીં તો બસ છે ઠંડી ઠંડી અને બરફનાં ગામ,
કોણે ફ્રીઝ બનાવ્યું? જેમાં નથી હૂંફનું નામ.
ત્યાં દરવાજો ખુલ્યો ફ્રીઝનો લેવા માટે ધારી,
મૂળાભાઈએ ટમેટાંને ટપાક ટપલી મારી.
દડદડ કરતું ગયું ટમેટું છેક ફ્રીઝની બહાર,
બારીમાંથી સૂરજ જોયો, નથી ખુશીનો પાર.
ત્યાં નાનાં બે કિરણો આવ્યાં રમવા અડકો દડકો,
કહે, ટમેટારાજ્જા પહેરો, મીઠો મીઠો તડકો.



- કૃષ્ણ દવે

- **વાતચીત :**
  - ટમેટાને શું થયું ત્યારે તમને મજા પડી? ટમેટાને શું થયું ત્યારે તમને દુ:ખ થયું?
  - તમે ફ્રીઝ જોયું છે? ક્યાં? ફ્રીઝમાં કઈ કઈ વસ્તુઓ હોય છે?
  - ફ્રીઝ વગર શાકભાજી, દહીં, દૂધ કેવી રીતે સાચવી શકાય?
  - ફ્રીઝમાં રહેલાં શાકભાજી/ફળ શી વાતો કરતાં હશે?
  - ફ્રીઝમાંથી બહાર નીકળીને ટમેટું મનમાં શું બોલ્યું હશે?
  - હવે પછી તમે કોઈને ટમેટું કાપતાં જુઓ ત્યારે તમને શું થાય?

## જવાબ તો તમને આવડશે જ. લખી લો.

૧. ટમેટાએ બંડી કેમ માગી? ........................................................................

૨. ટમેટાને ઠંડી લાગી ત્યારે તેને શું યાદ આવ્યું? ........................................................

૩. ટમેટું શું જોઈને ખુશ થઈ ગયું? ..................................................................

 મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૪. ટમેટાને ફ્રીઝમાં કોની યાદ આવે છે? ..................................................

૫. ટમેટાએ કોની પાસે મદદ માગી હતી? ..................................................

૬. ટમેટાને ફ્રીઝ ગમે છે? કેમ ખબર પડી? ..................................................

૭. ટમેટું કોને કોને 'થેન્ક યૂ' કહેશે? શા માટે? ..................................................

૮. ટમેટું સૂર્યપ્રકાશ/તડકો શા માટે ઈચ્છે? ..................................................

## કવિતાના શબ્દોનો ઉપયોગ કરી ખાલી જગ્યા પૂરો.

૧. .......... નો દરવાજો વારંવાર ખોલવાથી લાઈટબિલ વધારે આવે.

૨. સૂરજનાં .......... ગરમી આપે છે.

૩. સુરતની .......... ખૂબ વખણાય છે.

૪. મારા મામાના લગ્નમાં .......... નો હલવો બનાવ્યો હતો.

૫. બોરડી જોરથી હલાવી એટલે ટપટપ .......... દઈને બોર પડ્યાં.

- **નીચે લીટી કરેલા શબ્દ જેવા પ્રાસવાળો શબ્દ વિચારો અને કાવ્યપંક્તિ બનાવો.**

| | વાક્ય | કાવ્યપંક્તિ |
|---|---|---|
| ૧ | ટપુ નામનો એક કાચબો હતો, તેની અટક લપલપિયા હતી. એ આખો દી' પાણીમાં રહીને છબછબિયાં કર્યા કરે. | |
| ૨. | તારી લંકા સળગી ગઈ. પણ મારી પૂંછડી સાજી જ રહી. તારાં તેલ, ગાભાં અને દીવાસળી બગડી ગયાં પણ મારી પૂંછડી સાજી રહી. | સળગી તારી સોનેરી લંકા<br>ને તોય પૂંછડી મારી સાજી,<br>ગયાં તારાં તેલ સળી ગાભાં,<br>ને તોય પૂંછડી મારી સાજી |
| ૩. | હે જૂતાજીના દાક્તર, જરાક નાડી માપો. મારું ચંપલ બીમાર પડ્યું છે, એની સારી રીતે દવા કરો. | |

## ગણિત પણ સમજીએ.

કોઠો અને તેની નીચે આપેલા પ્રશ્નો જુઓ : તમારા જૂથમાં ચર્ચા કરી, તમારો જવાબ લખો અને વર્ગમાં રજૂ કરો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

અહીં ભારતના તેમજ વિશ્વના લાંબી તથા ઊંચી કૂદના વિક્રમોની વાત છે.

| રમતનું નામ | વિશ્વ રેકોર્ડ (વિક્રમ) | ભારતીય રેકોર્ડ |
|---|---|---|
| ઊંચો કૂદકો (પુરુષ) | જાવીઅર એસ. (૨ મીટર ૪૫ સેમી) | ચંદ્રપાલ (૨ મીટર ૧૭ સેમી) |
| લાંબો કૂદકો (પુરુષ) | માઈક પી. (૮ મીટર ૯૫ સેમી) | અમ્રિત પાલ (૮ મીટર ૮ સેમી) |
| ઊંચો કૂદકો (મહિલા) | સ્ટેફકા કે. (૨ મીટર ૯ સેમી) | બૉબી એ. (૧ મીટર ૯૧ સેમી) |
| લાંબો કૂદકો (મહિલા) | ગલીના સી. (૭ મીટર ૫૨ સેમી) | અંજુ જી. (૬ મીટર ૮૩ સેમી) |

૧. જાવીઅર એસ. તમારી શાળામાં આવે તો શાળાની કઈ કઈ વસ્તુઓ કૂદી શકે? (જેમ કે, ખુરશી, ગુલાબનો છોડ...) ............................................................

૨. અંજુ જી. તમારી શાળામાં આવે તો શાળામાં કઈ કઈ વસ્તુઓને કૂદી શકે? (જેમ કે, કબડ્ડીનું આડું મેદાન, તુલસીવનનો ક્યારો...) ..........................................

૩. ઊંચો કૂદકો મારીને કોણ કોણ તમારા વર્ગખંડની છતને અડકી શકે? ..................

૪. તમે ચાર મિત્રો એક જ લાઈનમાં સૂઈ જાઓ તો કોણ તમને બધાને એક સાથે કૂદી શકે? ...........................................................................................

૫. તમે ત્રણ મિત્રો એકની ઉપર એક ઊભા રહો તો કોણ તમને બધાને એકસાથે કૂદી શકે?..............................................................................................

### લગભગ સરખા :

**ભેરુ**-સાથી, દોસ્ત; **ધમાલ**-ધમાચકડી; **એક્કો**-સૌથી બાહોશ; **પેટપૂજા**-ભોજન; **કોડી**-એક જાતનું છીપલું; **જીવનભર**-જીવે ત્યાં સુધી; **ધ્યાનપૂર્વક**-એકાગ્રતાથી; **ક્યારી**-નાનો ક્યારો, પાણી ભરાઈ રહે એવી જમીન; **બાષ્પીભવન**-પ્રવાહીની વરાળ થવી - તેમ થઈને ઊડી જવું તે; **જગપ્રસિદ્ધ**-જગતમાં બધે જાણીતું; **રસપ્રદ**-રસદાયી, રસ પડે તેવું; **ચપળતા**-તરવરાટ; **આવડત**-કુશળતા; **નિર્ણયશક્તિ**-નિર્ણય કરવાની શક્તિ; **ઢાલ**-યુદ્ધ સમયે રક્ષણ મેળવવાનું સાધન; **પાચન**-પચાવવું તે; **પૌષ્ટિક**-પોષણ મળી રહે તેવો ખોરાક; **આહાર**-ખોરાક; **પરાણે**-મહામહેનતે; **ઘાટું**-ગાઢ; **ટીંગાડવું**-લટકાવવું; **ઝટ**-તરત; **હૂંફ**-ગરમાવો, ઉષ્મા; **પાર**-છેડો, અંત.

 મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## હસવું છે? તો વાંચો અને ભજવો.

ટિંકુ : ડૉક્ટરસાહેબ, એક બીમારી થઈ છે.

ડૉક્ટર : શું થાય છે?


ટિંકુ : મને રોજ સપનામાં ક્રિકેટ મૅચ જ દેખાય છે.

ડૉક્ટર : ભલે, આ ગોળી લઈ જાઓ. રાત્રે જમ્યા પછી લેવાની.

ટિંકુ : સાહેબ, કાલથી લઉં તો ચાલે?

ડૉક્ટર : કેમ? આજે શો વાંધો છે?

ટિંકુ : આજે ફાઈનલ છે, સાહેબ.




### તને સાંભરે રે...

- આપણે શું નવું શીખ્યા?/તમને ખબર હોય પણ ભણવામાં પહેલી વાર આવ્યું હોય તેવી કોઈ બાબત આ એકમમાં આવી?
- દાદા-દાદીની વાતમાં તમે ધારી હોય તેના કરતાં કાંઈક જુદી જ વાત આવે એવું બન્યું? તમે શું ધારેલું?
- કવિતાની કઈ પંક્તિ સૌથી પહેલાં યાદ રહી ગઈ હતી? આખી કવિતા યાદ થતાં કેટલો સમય લાગેલો?
- આ એકમ દરમ્યાન ઘરે જઈને તમે કઈ પ્રવૃત્તિઓ કરી હતી?
- 'આવી તે રમત હોય?', 'આવો તો નિયમ હોય?', એવું તમને ક્યારે લાગ્યું?
- કોણે કોણે પોતાના ઘર/ફળિયા/કુટુંબની વાત કહેલી?
- તમે ગેરહાજર હો તે પછીના દિવસે વર્ગમાંથી કોઈએ તમને આ એકમની વાત કરી હતી? શું વાત કરી હતી?
- કઈ સૂચનાની ક્રિયા કરવી તમને સૌથી વધુ ગમી/ન ગમી? કેમ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in